# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-09-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આવતીકાલથી શરૂ થતાં GST બચત ઉત્સવ બાદ ઓછી કિંમતે પસંદગીની વસ્તુઓ ખરીદી શકાશે.
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોને સ્વદેશી અપનાવીને સહકારથી સમૃદ્ધિના સંકલ્પને સાકાર કરવા અનુરોધ કર્યો
3. રાજ્યમાં લોકો મોડી રાત સુધી ગરબા રમી શકશે – સુરતમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની જાહેરાત
4. દક્ષિણ ગુજરાતમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી.
5. એશિયા કપ ટી-20 ક્રિકેટમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે દુબઈમાં મુકાબલો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આગામી પેઢીના GST ફેરફાર આવતીકાલે નવરાત્રિના પહેલા દિવસથી અમલમાં આવશે. રાષ્ટ્રને સંબોધતા આજે શ્રી મોદીએ કહ્યું,  આવતીકાલથી શરૂ થઇ રહેલા વસ્તુ અને સેવા કર- GST બચત ઉત્સવ બાદ લોકો ઓછી કિંમતે પોતાની પસંદગીની વસ્તુઓ ખરીદી શકશે. આ ફેરફાર સાથે રાષ્ટ્રની વિકાસગાથા બદલાઈ જશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

**(BYTE: PM NARENDRA MODI)**

શ્રી મોદીએ કહ્યું, યુવાન, મધ્યમ વર્ગ, ખેડૂતો, મહિલાઓ અને ઉદ્યમીઓને બચત ઉત્સવથી લાભ થશે. દરેક રાજ્ય રાષ્ટ્રની વિકાસયાત્રામાં એક સમાન ભાગીદાર થશે. પ્રધાનમંત્રીએ GST ફેરફાર, બચત ઉત્સવ અને નવરાત્રિ અંગે દેશવાસીઓને શુભેચ્છાઓ પણ પાઠવી.

પ્રધાનમંત્રીએ કહ્યું, તેમની સરકાર નાગરિક દેવો ભવઃ ના મંત્ર સાથે આગળ વધી રહી છે. તેમણે કહ્યું, ભારતમાં ઉત્પાદન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમીઓને સારી ગુણવત્તાની વસ્તુઓનું ઉત્પાદન કરવા આગ્રહ કર્યો.

-------------

# CM BHUPENRA PATEL AMR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોને સ્વદેશી અપનાવીને સહકારથી સમૃદ્ધિના સંકલ્પને સાકાર કરવા અનુરોધ કર્યો છે. અમરેલીમાં આજે સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા અને ગ્રામવિકાસ પરિષદના સહકારથી યોજાયેલા "સહકારથી સમૃદ્ધિ" પરિસંવાદમાં શ્રી પટેલે કહ્યું, રાજ્યની સહકારી સંસ્થાઓ આજે અન્ય રાજ્યો માટે ઉદાહરણરૂપ બની છે. અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સહકારી ક્ષેત્રના વિકાસથી ખેડૂત, ખેતી, મહિલા અને ગામડાઓ સક્ષમ બન્યા હોવાનું પણ તેમણે ઉમેર્યું.

**(BYTE: CM BHUPENDRA PATEL)**

દરમિયાન શ્રી પટેલે ખેડૂતો માટે સૌપ્રથમ ગ્રામીણ ગૃપ અકસ્માત વીમા યોજના શરૂ કરનારી અમરેલી જિલ્લા મધ્ય સહકારી બૅન્કની પ્રશંસા કરી. તેમણે કહ્યું, રાજ્યના સહકારી ક્ષેત્રનો કુલ વકરો આજે ચાર લાખ કરોડ રૂપિયાને પાર પહોંચ્યું છે.

-------------

# AMRELI NEW GSRTC BUS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલીમાં વરિષ્ઠ નાગરિકોની સોમનાથ–દ્વારકાના તીર્થ પ્રવાસ યાત્રાની નવી બસને પ્રસ્થાન કરાવ્યું. એક સામાજિક સંસ્થા હેઠળ સંચાલિત યાત્રામાં જોડાયેલા જિલ્લાના 251 વરિષ્ઠ તીર્થયાત્રીઓને મુખ્યમંત્રીએ શુભેચ્છાઓ પાઠવી. તેમણે "એક પેડ માઁ કે

નામ” અને વરસાદી પાણીના સંગ્રહ “કેચ ધ રેઇન” અભિયાનમાં જોડાવવા પણ સૌને અપીલ કરી.

-------------

# SANGHAVI ON NAVRATRI

રાજ્યમાં આ વખતે લોકો મોડી રાત સુધી ગરબા રમી શકશે. સુરતમાં પત્રકાર પરિષદને સંબોધતા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, આ માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવા રાજ્ય પોલીસના તમામ જિલ્લા વડા અને શહેરના વડાઓને સૂચના અપાઈ છે. શ્રી સંઘવીએ ગરબા આયોજકોને તમામ વ્યવસ્થા કરવા જણાવ્યું તેમજ કોઈની પણ ભક્તિને ખલેલ પહોંચે તેવા પ્રકારના ગીત ન વગાડવા ટકોર કરી.

**(BYTE: HARSH SANGHAVI, HOME MINISTER)**

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# CHALO JEETE HAI REVIEW FOR EVENING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત ફિલ્મ “ચલો જીતે હૈ” રાજ્યભરના સિનેમાગૃહમાં નિઃશુલ્ક દર્શાવવામાં આવી રહી છે. શ્રી મોદીના જીવનની બાળપણની ઘટનાઓથી પ્રેરિત આ ફિલ્મની દર્શકો પ્રશંસા કરી રહ્યા છે. અમદાવાદમાં ધોરણ સાતમાં ભણતાં વિદ્યાર્થિની વૈષ્ણવીએ આ ફિલ્મ અંગે પ્રતિભાવ આપ્યો.

**(BYTE: VAISHNAVI, STUDENT)**

-------------

# GST REFORMS FOR EVE

સમગ્ર દેશમાં આવતીકાલથી વસ્તુ અને સેવા કર- GSTના દરમાં કરાયેલો ઘટાડો અમલમાં આવશે. જીએસટી પરિષદે ઑટોમોબાઈલ ક્ષેત્રમાં પણ કરના દર ઘટાડતા 350 સીસી સુધીના દ્વિ-ચક્રી વાહન અને નાની કાર પર GST દર 18 ટકા થયો છે. આ ક્ષેત્ર સાથે સંકળાયેલા અમદાવાદના એક અગ્રણીએ આ અંગે પ્રતિક્રિયા આપી.

**(BYTE: AUTOMOBILE DEALER)**

-------------

# HAVAMAN AAGAHI GUJ.

હવામાન ખાતાએ આવતીકાલે ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે. જોકે, માછીમારો માટે કોઈ ચેતવણી નથી. દરમિયાન રાજ્યમાં આજે કેટલાક જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળ્યો.

સાંજે ચાર વાગ્યા સુધીમાં 47 તાલુકામાં વરસાદના અહેવાલ છે. સૌથી વધુ દોઢ ઇંચ જેટલો વરસાદ ભરૂચના હાંસોટ તાલુકામાં નોંધાયો છે. આ સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 110 ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે.

-------------

# CRICKET ASIA CUP

ઍશિયા કપ ટી-20 ક્રિકેટના સુપર ચાર મુકાબલામાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મૅચ રમાશે. ભારતીય સમય મુજબ દુબઈમાં આ મૅચ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે. બંને દેશ વચ્ચે અત્યાર સુધી રમાયેલી 14 મૅચમાંથી ભારતે 11 મૅચ જીતી છે. જ્યારે આ પહેલા ગૃપ તબક્કામાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું.

-------------

# NAMO YUVA RUN – OVERALL

જામનગરમાં ભાજપ યુવા મોરચા દ્વારા નશામુક્ત ભારત અભિયાન હેઠળ નમો યુવા રન દોડ યોજાઇ. કેબિનેટ મંત્રી રાઘવજી પટેલે પ્રારંભ કરાવેલી દોડમાં સાંસદ પૂનમ માડમ, ધારાસભ્યો સહિત અન્ય લોકો જોડાયા અને લોકોને નશામુક્તિ અંગે સંદેશ આપ્યો.

ભાવનગરમાં યોજાયેલી “નમો યુવા રન” દોડમાં ધારાસભ્ય જીતુ વાઘાણીએ યુવાનોને પ્રોત્સાહિત કર્યા.

-------------

# SWACHCHHTA HI SEVA

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા “સ્વચ્છતા હી સેવા” અભિયાન હેઠળ સામુદાયિક ભવન, સાબરમતી સંકુલમાં વૃક્ષારોપણ કરાયું. રેલવે વ્યવસ્થાપક વેદ પ્રકાશે કાર્યક્રમનો પ્રારંભ કરાવતાં વૃક્ષોનું રક્ષણ કરવું સૌની જવાબદારી હોવાનું જણાવ્યું.

પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળ દ્વારા “સ્વચ્છતા હી સેવા” અભિયાન હેઠળ એક હજાર 100થી વધુ છોડ રોપાયા અને વિતરણ કરાયા.

તો પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા “સ્વચ્છતા હી સેવા” અભિયાન અંતર્ગત અધિકારીઓ અને કર્મચારીઓ માટે વોકેથોન યોજાઇ.

-------------

# POSHAN MAS UJAVANI – NAVSARI

નવસારીના ચીખલીમાં પોષણ માસની ઉજવણી અંતર્ગત ટેક હોમ રાશન અને શ્રીઅન્નમાંથી બનતી વાનગીઓનું પ્રદર્શન અને સ્પર્ધા યોજાઇ.

ધારાસભ્ય નરેશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં શ્રીઅન્નમાંથી મળતા પોષણ, સ્થૂળતા અંગે જાગૃતિ, બાળકોના પ્રારંભિક પોષણમાં પુરુષોની ભાગીદારી અને "વોકલ ફોર લોકલ" જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન અપાયું. દરમિયાન વિજેતાને સન્માનિત કરાયા.

-------------